# ક્રાંતિગુરૂ શ્યામજી કૃષ્ણ વર્મા કચ્છ યુનિવર્સિટી, ભૂજ–કચ્છ.

## સ્નાતક / અનુસ્નાતક અને પી.જી. ડિપ્લોમા અભ્યાસક્રમોમાં પ્રવેશ જાહેરાત (૨૦૨૦–૨૧)

યુનિવર્સિટી સંલગ્ન કોલેજોમાં ચાલતા સ્નાતક અભ્યાસક્રમોમાં માન્ય બોર્ડમાંથી (૧૦ + ૨) અથવા માન્ય સમકક્ષ શૈક્ષણીક સંસ્થામાંથી પદવી મેળવેલ હોય તથા અનુસ્નાતક ભવનો અને સંલગ્ન એલ.એલ.બી. કોલેજો માટે (૧૦ + ૨ + ૩) ની તરાહમાં માન્ય યુનિવર્સિટી અથવા સમકક્ષ શૈક્ષણિક સંસ્થામાંથી પદવી મેળવેલ હોય તેઓ પ્રવેશ માટે પાત્ર થાય છે. શૈક્ષણિક વર્ષ ૨૦૨૦–૨૧ માટે કોષ્ટકમાં દર્શાવેલ અભ્યાસક્રમો માટેની પ્રથમ વર્ષ / સેમેસ્ટર ૧ માટેની પ્રવેશ અરજી (એડમીશન એપ્લીકેશન) કચ્છ યુનિવર્સિટીની વેબસાઈટ http://kskvku.digitaluniversity.ac અથવા **www.kskvku.ac.in** પરથી કરવાની રહેશે. આ માટે વિદ્યાર્થીએ વેબસાઈટ પરથી રજીસ્ટ્રેશન કરી યુઝરનેઈમ, પાસવર્ડ સેટ કરવાનો રહેશે તથા તેને નોંધી રાખવાનો રહેશે. આ યુઝરનેઈમ–પાસવર્ડ દ્વારા વિદ્યાર્થીએ એપ્લીકેશન કરવાની રહેશે. તમામ જરૂરી દસ્તાવેજો અપલોડ કરવાના ફરજીયાત રહેશે. હાલનું એડમીશન કોલેજ/ભવન દ્વારા પ્રોવિઝનલ સ્વરૂપે આપવામાં આવશે. તમામ જરૂરી આધારો તથા એપ્લીકેશન ફોર્મની હાર્ડ કોપી કોલેજ/ભવન દ્વારા જણાવવામાં આવે ત્યારે જમા કરાવવાની રહેશે. પ્રવેશ ત્યાર બાદજ કન્ફર્મ થયો ગણાશે.

| | | | | |
|---|---|---|---|---|
| BA (REGULAR) | BCOM(REGULAR) | BSC | BCA | BBA |
| LL.B. | MA (REGULAR) | MCOM(REGULAR) | MSC | MSW |
| MBA(INT) | MSC(CA&IT INT) | MPA | PGDCA | PGDH M |
| PGD(IR&HRD) | MSC (IT) | M.Ed. | MLW | DMLT |

આ સંદર્ભે અરજી માટેની તારીખો, હેલ્પ સેન્ટરની માહિતી, એલીજીબીલીટી પ્રવેશ માટેના નિયમો, એડમીશન માટે જરૂરી અન્ય હેલ્પ ડોકયુમેન્ટ, કોલેજો / ભવનોની માહિતી વગેરે જેવી જરૂરી માહિતી કચ્છ યુનિવર્સિટીની વેબ સાઈટ પરથી જોવાની રહેશે તથા હેલ્પ સેન્ટર પરથી મેળવી શકાશે. અભ્યાસક્રમો મુજબ તારીખો અલગ અલગ રહેવા પામશે તથા તેમા ફેરફારનો અધીકાર યુનિવર્સિટીનો રહેશે. એપ્લીકેશન ફી રૂ. ૧૦૦/– વિદ્યાર્થી ક્રેડિટ કાર્ડ / ડેબીટ કાર્ડ / નેટ બેંન્કીગ દ્વારા ઓનલાઈન ભરી શકશે. નોંધ :– પ્રવેશ ફોમ ભરતી વખતે માર્કશીટ તથા તમામ આવશ્યક દસ્તાવેજોને અપલોડ કરવા ફરજીયાત છે. જરૂરી અન્ય તમામ માહિતી કચ્છ યુનિવર્સિટીની વેબ સાઈટ પરથી મેળવી શકાશે.

તા. ૦૮–૦૬–૨૦૨૦

ઈ.ચા. કુલસચીવ